| એકમ 2 | વ્યક્તિકર્તા |
|---|---|

# એકમ 2 વ્યક્તિકર્તા

## (PERSONAL AUTHOR)

### રૂપરેખા


**2.0** ઉદ્દેશો

**2.1** પ્રસ્તાવના

**2.2** વ્યક્તિકર્તા

  **2.2.1** વ્યક્તિકર્તા માટે શીર્ષક

  **2.2.2** પાશ્ચાત્ય નામો

  **2.2.3** ભારતીય નામો

**2.3** સૂચિકરણ પ્રયોગ

**2.4.** સારાંશ

**2.5** 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો

**2.6** ચાવીરૂપ શબ્દો

**2.7** સંદર્ભો અને વિશેષ વાંચન


## 2.0 ઉદ્દેશો (Objectives)

કોઈપણ ગ્રંથાલયમાં સૂચિ તૈયાર કરવી એ આવશ્યક કામગીરી હોય છે અને સૂચિ તૈયાર કરવા માટેના ચોક્કસ નિયમો હોય છે. આ એકમમાં સૂચિ તૈયાર કરવા માટેના જે વિવિધ નિયમો હોય છે, તેને સૂચિસંહિતા તરીકે પ્રકાશિત કરવામાં આવે છે. દા.ત. CCC (Classified Catalogue Code), AACR (Anglo American Cataloguing Rules) વગેરે.

આ એકમ AACR-2Rના કેટલાક મૂળભૂત નિયમોને આવરી લે છે.

આ એકમના અધ્યયન બાદ આપ આ બાબતથી સક્ષમ બનશો.

- એક વ્યક્તિકર્તાને ઓળખવા;
- સૂચિકાર્ડમાં વિભિન્ન તત્ત્વોને વર્ણવવા અને દર્શાવવા;
- સહકર્તાઓ સાથેના અથવા સહકર્તાઓ વિનાના પુસ્તકના સૂચિકરણ વિશે શીખવું.

## 2.1 પ્રસ્તાવના (Introduction)

કોઈપણ ગ્રંથાલયમાં સૂચિનું કાર્ય ખૂબ જ અગત્યનું છે. સૂચિ તૈયાર કરવા માટેના ચોક્કસ નિયમો હોય છે. જેના કારણે વિવિધ ગ્રંથાલયો વચ્ચે સૂચિકરણમાં એકસૂત્રતા જળવાઈ રહે છે. અહીં આપણે AACR-2Rના નિયમો આધારિત સૂચિ સંલેખો તૈયાર કરીશું.

સૌપ્રથમ સૂચિ તૈયાર કરતા પૂર્વે સૂચિના વિભિન્ન તત્ત્વો વિશે જાણકારી મેળવી લેવાની રહેશે. સૂચિ માટે મુખપૃષ્ઠને આધાર તરીકે ન લેતાં આખ્યાપૃષ્ઠ (Title Page)ને આધાર માનવાનો રહે છે. કારણ કે મુખપૃષ્ઠ ઉપર વાચકોને આકર્ષવા માટે અથવા મુખપૃષ્ઠને કલાત્મક બનાવવા માટે પ્રલેખવાની વિગતો લેવામાં આવતી હોય છે. આથી સૂચિકરણના કાર્ય માટે આખ્યા પૃષ્ઠ (Title Page) જ માહિતીનો મુખ્ય સ્રોત છે.

આખ્યા પૃષ્ઠ (Title Page) ઉપર કર્તાનું નામ, ગૌણ કર્તાઓ જો હોય તો તેનું નામ, પુસ્તકનું શીર્ષક, ગૌણ શીર્ષક, પ્રકાશક, પ્રકાશન સ્થળ વગેરેની માહિતી આપવામાં આવે છે. જ્યારે ઘણી વખત પ્રકાશન સ્થળની વિગતો આખ્યા પૃષ્ઠ (Title Page)ના પાછળના ભાગમાં પણ આપવામાં આવે છે. ISBN નંબર પ્રાયઃ આખ્યા પૃષ્ઠની પાછળના પૃષ્ઠ ઉપર આપવામાં આવે છે. (આમ તો આગળ-પાછળના બંને પૃષ્ઠ આખ્યાપૃષ્ઠ તરીકે જ ઓળખવામાં આવે છે. અહીં સરળતાથી સમજવા માટે આ બાબતો દર્શાવી છે.)

સામાન્ય રીતે ISBN ઉપરાંત પુસ્તકનું નામ, સરનામું, કોણ Copy Right ધરાવે છે, મુદ્રક, પુસ્તકની કિંમત, પુસ્તકની પૃષ્ઠ સંખ્યા વગેરે વિગતો આખ્યાપૃષ્ઠની પાછળના ભાગમાં દર્શાવવામાં આવે છે.

જો કે આવો કોઈ ચોક્કસ નિયમ નથી. ઘણા કિસ્સામાં પુસ્તકના છેક પાછળના પૃષ્ઠ ઉપર ISBN નંબર દર્શાવવામાં આવે છે. આથી કેટલાક કિસ્સાઓમાં અન્ય માહિતી માટે તમારે આખ્યા પૃષ્ઠ સિવાયનાં પૃષ્ઠો પણ જોવા પડશે.

## 2.2 વ્યક્તિકર્તા (Personal Author)

પુસ્તકો તેના કર્તાઓ અથવા આખ્યાઓ થકી ઓળખાય છે. કર્તા વ્યક્તિ અથવા સમષ્ટિ હોઈ શકે છે. કર્તા પુસ્તકના વિષયવસ્તુ માટે મુખ્યતઃ ઉત્તરદાયી હોય છે. આ એકમમાં આપણે વ્યક્તિકર્તા (Personal Author)ની ચર્ચા કરીશું. AACR-2R અનુસાર વ્યક્તિકર્તા એ છે કે જે "કૃતિના બૌદ્ધિક અથવા કલાત્મક વિષયવસ્તુના સર્જન માટે જવાબદાર છે." ઉદાહરણ તરીકે "પુસ્તકોનાં કર્તા અને સંગીતના સ્વરકાર જે કૃતિની રચના કરે છે તે કર્તા છે; માન ચિત્રકાર પોતાના નકશાઓના કર્તા છે ને કલાકારો અને ફોટોગ્રાફર્સ તે કૃતિઓના કર્તા છે જેનું તે સર્જન કરે છે."

જો વ્યક્તિકર્તા નિશ્ચિત હોય તો સૂચિનો મુખ્ય સંલેખ તેના નામ હેઠળ બનાવવામાં આવે છે. વ્યક્તિકર્તાઓનું નામ શોધવા માટેનો આધારભૂત સ્રોત આખ્યાપૃષ્ઠ છે કે જેને માહિતીનો મુખ્ય સ્તોત્ર કહેવામાં આવે છે. અનુવર્ણ સૂચિમાં, પ્રકાશનના સ્વરૂપના આધારે મુખ્ય સંલેખ વ્યક્તિકર્તા અથવા સમષ્ટિકર્તા અથવા આખ્યા (Title) હેઠળ બનાવવામાં આવે છે.

સૂચિનો પ્રથમ ભાગ શીર્ષક છે. સૂચિનાં શીર્ષક કોઈ વ્યક્તિનું નામ અથવા કોઈ એક શબ્દ અથવા એક વાક્ય હોઈ શકે છે, જેને સૂચિ સંલેખના મથાળામાં મૂકવામાં આવે છે. જે સૂચિનું શોધ તત્ત્વ પૂરું પાડે છે.

આ એકમમાં આપણે વ્યક્તિકર્તાઓની ચર્ચા કરીશું. એટલે અહીં આપણું કામ એ નિશ્ચિત કરવાનું છે કે કર્તાના કયા ભાગ હેઠળ સંલેખ બનાવવો છે. આપણે જોઈએ કે વિવિધ નામો કઈ રીતે પ્રસ્થાપિત કરવામાં આવે છે.

AACR-2R ના સામાન્ય નિયમ (નિયમ 21-1A2) દર્શાવે છે કે કોઈ કૃતિ જો એક અથવા એકથી વધુ વ્યક્તિઓ દ્વારા લખાયેલ હોય તો, તેને વ્યક્તિકર્તા, મુખ્ય વ્યક્તિકર્તા અથવા સંભવિત વ્યક્તિકર્તા હેઠળ શીર્ષકમાં નોંધ લેવી. નિયમ 21-4A1, એક વ્યક્તિના કર્તૃત્વ સાથે સંબંધિત છે. જે દર્શાવે છે કે "કોઈ એક કર્તાની કૃતિઓના સંગ્રહ અથવા કોઈ એક કૃતિ અથવા કૃતિઓમાંથી પસંદગીની રચનાઓનો સંગ્રહ હોય તેવી કૃતિ તે કર્તાના નામ હેઠળ શીર્ષકમાં નોંધો."

### 2.2.1 વ્યક્તિકર્તા માટે શીર્ષક (Heading for personal Author)

AACR-2Rનું પ્રકરણ-22 વ્યક્તિઓના નામોની પસંદગી સાથે સંબંધિત છે. નામની પસંદગી માટેનો નિયમ છે કે "સામાન્યતઃ જે નામથી વ્યક્તિ ઓળખાય છે તે વ્યક્તિ વાસ્તવિક નામ, ઉપનામ, અભિજાત્ પદવી (Title of Nobility), હુલામણું નામ (Nick Name) અથવા ધારણ કરેલ અન્ય નામ કોઈ શકે છે." આ એક સામાન્ય નિયમ છે.

પરંતુ પ્રત્યેક દેશની સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ, ભાષા પરંપરા વગેરે અલગ અલગ હોય છે. આથી પ્રત્યેક દેશના નામોમાં વિભિન્નતા હોય છે. પ્રત્યેકની ચર્ચા કરવી અહીં સંભવ નથી. આથી આ એકમમાં કેવળ કેટલીક સમસ્યાઓની મૂળભૂત બાબતોની ચર્ચા કરવામાં આવશે કે જે પ્રાયઃ ભારતીય ગ્રંથાલયોમાં સામનો કરવામાં આવી રહ્યો છે.

### 2.2.2 પાશ્ચાત્ય નામો (Western Names)

સામાન્યતઃ પાશ્ચાત્ય નામોમાં બે અથવા ત્રણ ભાગ હોય છે. અંતિમ ભાગને પારિવારિક નામ અથવા અટક કહેવામાં આવે છે. સૂચિકરણમાં અટકને શીર્ષક બનાવવામાં આવે છે, તેને સંલેખ તત્ત્વ કહેવામાં આવે છે. નીચે કેટલાંક નામ આપવામાં આવ્યાં છે અને જે ભાગને રેખાંકિત કરવામાં આવ્યા છે તે સંલેખ તત્ત્વ છે.

(i) George <u>William</u>
(ii) Michael Denial <u>Smith</u>
(iii) Samuel Curter <u>Wilson</u>
(iv) Anthony A. <u>Thompson</u>
(v) Herny De. <u>Evans</u>
(vi) Jackson <u>Wood</u>
(vii) Andrew <u>Robinson</u>
(viii) Rebert <u>Taylor</u>

સૂચિમાં મથાળું લખવાની રીત અથવા સ્વરૂપ નીચે મુજબ છે :

(i) <u>William,</u> George
(ii) <u>Smith,</u> Michael Denial
(iii) <u>Wilson,</u> Samuel Curter
(iv) <u>Thompson,</u> Anthony A.
(v) <u>Evans,</u> Herny De.

(vi) <u>Wood,</u> Jackson

(vii) <u>Robinson,</u> Andrew

(viii) <u>Taylor,</u> Rebert

પ્રથમ ત્રણ નામોને નામના અંતિમ ભાગ કે જે અટક છે, તેના હેઠળ નોંધવામાં આવ્યા છે.

સંલેખનાં ઘણાં બધાં પાસાઓ છે, જેને સમજવા માટે AACR-2Rનું પ્રકરણ-22 જોઈ જવાની તમને સલાહ છે.

### 2.2.3 ભારતીય નામો (Indian Names)

ભારત વિવિધતામાં એકતા ધરાવતો દેશ છે. આથી નામોમાં ભિન્નતા જોવા મળે છે. જેના કારણે ભારતીય કર્તાઓ માટે સંલેખ તત્ત્વ એકસમાન નથી. પ્રદેશે પ્રદેશે તે પરિવર્તિત થાય છે.

AACR-2Rમાં નિયમ 22.25 અંતર્ગત કેટલાક સર્વસામાન્ય નિયમોનો નિર્દેશ કરવામાં આવ્યો છે, જે નિયમાનુસાર -

1. જો કર્તાઓનો જન્મ 19મી સદીના મધ્યભાગથી પહેલા થયો હોય તો આવી વ્યક્તિઓનો સંલેખ તેમના નામના પ્રથમ શબ્દથી નોંધો. જેમ કે હેમચંદ્રચાર્ય, કાલિદાસ, તુલસીદાસ, કબીર વગેરે.
2. ઉત્તર ભારતીય કર્તાઓના નામ અટક હેઠળ નોંધો. ઉદાહરણ તરીકે પંડ્યા, ગુપ્તા, જાની, શર્મા વગેરે.
3. દક્ષિણ ભારતીય પ્રણાલીમાં સામાન્ય રીતે પહેલા ગામનું નામ, દાદાનું નામ/પિતાનું નામ અને વ્યક્તિનું નામ લખવાની પ્રથા છે.

ઉદાહરણ તરીકે S.R. Ranganathan

અહીં Ranganathan, S.R. પ્રમાણે સંલેખ બનાવવામાં આવશે.

રંગનાથનના પુસ્તક 'ક્લાસીફાઈડ કેટલોગ કોડ'માં ભારતીય નામોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. જેનું અધ્યયન કરવાની આપશ્રીને સલાહ આપવામાં આવે છે.

ઘણી વખત નામની સાથે ડૉ., પ્રોફે. વગેરે ડિગ્રી (ઉપાધિ)નો ઉપયોગ કરવામાં આવેલો હોય છે. આવા સંજોગોમાં સંલેખ તૈયાર કરતી વખતે આ પ્રકારના વિશેષણોનો સમાવેશ કરવામાં આવતો નથી.

ઉદા. તરીકે ડૉ. કિરણ જાની.

પ્રોફે. બી. કે. પ્રજાપતિ.

અહીં સંખ તત્ત્વ અનુક્રમે જાની અને પ્રજાપતિ છે. અર્થાત્ જાની અને પ્રજાપતિ નામથી મુખ્ય સંલેખ બનાવવામાં આવશે. ડૉક્ટર અને પ્રોફેસર શબ્દનો ઉપયોગ કરવામાં આવશે નહીં.

બ્રિટિશ માનદ્ ઉપાધિમાં ખાસ કિસ્સાઓમાં માનદ શબ્દ સામાન્યતઃ નામની સાથે લખવામાં આવતો હોય તો તેને નામની સાથે ઉમેરવો.

ઉદાહરણ તરીકે Sir Thomas Russelle

અહીં સંલેખ બનશે. Russelle, Sir Thomas

**તમારી પ્રગતિ ચકાસો**

**1. ઉત્તર ભારતીય લેખકોના સંલેખ તત્ત્વ આપ કેવી રીતે તૈયાર કરશો?**

**નોંધ : (i) નીચે આપેલી જગ્યામાં તમારો ઉત્તર લખો.**

**(ii) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારો ઉત્તર સરખાવો.**

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

...................................................................

## 2.3. સૂચિકરણ પ્રયોગ (Catalouging Practice)

એકમ-1માં આપણે સૂચિકરણ સંલેખની લેખન શૈલી અને સ્વરૂપ વિશે ચર્ચા કરી છે. હવે આપણે આ જ્ઞાનને વ્યવહારમાં મૂકીએ. આ કાર્ય માટે પુસ્તકના વાસ્તવિક પૃષ્ઠની માહિતી સાથે કોઈ પુસ્તકના સૂચિકરણ માટે જરૂરી વિગતો આપવામાં આવશે. ઘણાં બધાં તત્ત્વોની નોંધ કરતાં આપણે સમસ્યાઓનો સામનો કરવો પડશે. આપણે આ સમસ્યાઓને સમજીશું અને AACR-2Rના આધારે તેનું સમાધાન મેળવીશું.

ઉદાહરણ - **1**

**હું મારાથી અણજાણ**

**કાન્તિલાલ કાલાણી**

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**
**અમદાવાદ**

**<u>Other Information</u>**

સ્થાનાંક (Call No.) : 891-474-KAL

પરિગ્રહણ નંબર

(Accession No.) : 17637

પૃષ્ઠ (Page) : 212

પ્રકાશન વર્ષ :

(Date of Publication) : 1989

આવૃત્તિ (Edition) : 1st

**મુખ્ય સંલેખ (Main Entry)**

| | | |
|---|---|---|
| 891.474<br>KAL | કાલાણી, કાન્તિલાલ | |
| 17637 | કાલાણી<br>1989<br><br>I શીર્ષક | હું મારાથી અણજાણ / કાન્તિલાલ<br>અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,<br><br>212 પૃ.<br><br>1. ગુજરાતી સાહિત્ય 2. ગુજરાતી નિબંધો |

### પૂરક સંલેખ - વિષય

### (Added Entry - Subject)

| | | |
|---|---|---|
| | | **ગુજરાતી સાહિત્ય** |
| 891.474<br>KAL | કાલાણી, કાન્તિલાલ | |
| 17637 | અમદાવાદ : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, | હું મારાથી અણજાણ / કાન્તિલાલ કાલાણી -<br><br>(Rest as in the main entry) |

Rest as in the Main Entry અર્થાત્ બાકીની વિગતો મુખ્ય સંલેખ પ્રમાણે.

### પૂરક સંલેખ - વિષય

### (Added Entry - Subject)

| | | |
|---|---|---|
| | | **ગુજરાતી નિબંધ** |
| 891.474<br>KAL | કાલાણી, કાન્તિલાલ | |
| | અમદાવાદઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, | હું મારાથી અણજાણ / કાન્તિલાલ કાલાણી -<br><br>(Rest as in the main entry) |

## પૂરક સંલેખ - શીર્ષક

## (Added Entry - Title)

| | | |
|---|---|---|
| | | **હું મારાથી અણજાણ** |
| 891.474<br>KAL | કાલાણી, | કાન્તિલાલ |
| | | હું મારાથી અણજાણ/કાન્તિલાલ કાલાણી -<br>અમદાવાદઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,<br><br>(Rest as in the main entry) |

અહીં લેખક કાન્તિલાલ કાલાણી છે. જ્યારે શીર્ષક (Title) હું મારાથી અણજાણ છે. પુસ્તક અમદાવાદથી પ્રકાશિત થયેલ છે. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે. અહીં કર્તા એક જ છે. આથી તેમના નામથી મુખ્ય સંલેખ બનશે. જેમાં અટક પ્રથમ લઈશું ત્યારબાદ અલ્પવિરામ કરી નામ લેવામાં આવશે.

દા.ત. કાલાણી, કાન્તિલાલ

અત્રે બે વિષયો છે અને શીર્ષક એમ મળીને કુલ ત્રણ પૂરક સંલેખ (Added Entry) બનાવવાની રહે છે.

1. ગુજરાતી સાહિત્ય
2. ગુજરાતી નિબંધો
3. શીર્ષક (Title) - "હું મારાથી અણજાણ"

ઉપરોક્ત પૂરક સંલેખો (Added Entry) ઉદાહરણમાં દર્શાવ્યા પ્રમાણે બનાવવાની રહેશે. બાકીની વિગતો મુખ્ય સંલેખમાં દર્શાવ્યા પ્રમાણેની રહેશે. આ વિગતો પુનરાવર્તન ન કરવી હોય તો તેના બદલે Rest as in the Main Entry (બાકીની વિગતો મુખ્યસંલેખ પ્રમાણે)ની નોંધ કૌંસમાં આપી શકાય.

અંતિમભાગ આલેખ વિભાગ (Tracing Section)માં ઉપરોક્ત બાબતો દર્શાવવામાં

આવે છે. જેમાં બે વિષયમથાળા (Subject Heading) આપવા માટે અરેબી અંકો 1, 2, 3 વગેરે દર્શાવવામાં આનવે છે. જ્યારે શીર્ષક (Title) માટે રોમન અંકો દર્શાવેલ છે. આલેખ વિભાગ (Tracing Section) આપણને કેટલા વધારાના સંલેખો (Added Entry) બનાવવાના છે તેનો નિર્દેશ કરે છે.

**ઉદાહરણ - 2**

**કુલપતિની કલમે**
**(આદિવચન સંગ્રહ)**

**પ્રોફે. બી. એ. પ્રજાપતિ**
**કુલપતિ**
**હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી**
**પાટણ**

**પાર્શ્વ પબ્લિકેશન**
અમદાવાદ

**Other Information**

| | |
|---|---|
| સ્થાનાંક (Call No.) | : 370-PRA |
| પરિગ્રહણ નંબર (Accession No.) | : 85825 |
| પૃષ્ઠ (Page) | : xii, 348 |
| પ્રકાશન વર્ષ (Publication Year) | : 2018 |
| આવૃત્તિ (Edition) | : 1st |

ISBN : 978-93-5108-936-0

**મુખ્ય સંલેખ (Main Entry)**

| | | |
|---|---|---|
| 370 | | |
| PRA | પ્રજાપતિ, બી.એ. કુલપતિની કલમે : આદિવચન સંગ્રહ / બી.એ. પ્રજાપતિ. ____ અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, 2018 | |
| | | xii, 348 |
| | | ISBN : 978-93-5108-936-0 |
| 85825 | | 1. શિક્ષણ I શીર્ષક (Title) |

**પૂરક સંલેખ - વિષય**

**(Added Entry - Subject)**

| | | |
|---|---|---|
| 370 | | **શિક્ષણ** |
| PRA | પ્રજાપતિ, બી.એ. કુલપતિની કલમે : આદિવચન સંગ્રહ / બી.એ.પ્રજાપતિ - અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન, 2018 | |
| | | (Rest as in the main entry) |

## પૂરક સંલેખ - શીર્ષક
## (Added Entry - Title)

| | | |
|---|---|---|
| | | **કુલપતિની કલમે** |
| 370<br>PRA | પ્રજાપતિ, બી.એ. | |
| | બી.એ. | કુલપતિની કલમે : આદિવચન સંગ્રહ / પ્રજાપતિ અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન, 2018<br><br>(Rest as in the main entry) |

ઉદાહરણ - 1માં માત્ર લેખકનું નામ આપવામાં આવેલ છે. અંકના નામની સાથે માનવાચક સંજ્ઞા કે તેમની ડિગ્રીને દર્શાવવામાં આવેલ નથી. દા.ત. કાન્તિલાલ કાલાણી નામ છે તેમની સાથે ડૉ. પ્રોફે. પંડિત, સ્વામી આવા કોઈપણ પ્રકારના વિશેષણો જોડાયેલાં નથી.

વધુમાં ઉદાહરણ - 1માં કોઈપણ પ્રકારના હોદ્દાનો સમાવેશ કરવામાં આવેલ નથી.

જ્યારે ઉદાહરણ-2માં લેખક બી.એ. પ્રજાપતિની સાથે પ્રોફે. શબ્દ પ્રયોજવામાં આવેલો છે. ઉપરાંત તેઓશ્રીના નામની સાથે તેમનો પ્રવર્તમાન હોદ્દો - એટલે કે તેઓ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિ છે, તે બાબત દર્શાવવામાં આવી છે.

જ્યારે આપણે આ પ્રકારના લેખકના નામનો મુખ્ય સંલેખ અને તેના પૂરક સંલેખો તૈયાર કરતા હોઈએ ત્યારે ડૉ. પ્રોફે. સ્વામી વગેરે માનવાચક વિશેષણો અને તેમના હોદ્દાનો સમાવેશ કરવાનો નથી પરંતુ લેખકનો જ મુખ્ય સંલેખ બનાવવાનો રહેશે. આથી ઉદાહરણ-2માં પ્રોફે. અને કુલપતિ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

વધુમાં ઉદાહરણ - 1માં માત્ર શીર્ષક (Title) છે.

“હું મારાથી અણજાણ” જ્યારે ઉદાહરણ - 2માં ગૌણશીર્ષક (Sub Title)ને કૌંસમાં દર્શાવવામાં આવેલ છે. અહીં ગૌણ શીર્ષક “આદિવચન સંગ્રહ” છે. જેને કૌંસમાં દર્શાવેલ છે. ગૌણ શીર્ષક મુખ્ય શીર્ષકની સાથે : થી જોડવામાં આવે છે.

દા.ત.

કુલપતિની કલમે - મુખ્ય શીર્ષક

આદિવચન સંગ્રહ - ગૌણ શીર્ષક

| **કુલપતિની કલમે : આદિવચન સંગ્રહ** |
|---|

કેટલાક સંજોગોમાં પુસ્તકનો કર્તા હોય તેની સાથે સંપાદકનું નામ પણ આપવામાં આવે છે. આ ત્યારે બને છે કોઈ લેખના સર્જનને સંપાદક દ્વારા સંકલિત કરીને તેને ગ્રંથ સ્વરૂપ આપવામાં આવ્યું હોય.

અહીં મુખ્યસંલેખ કર્તાના આધારે જ તૈયાર કરવાનો રહે છે. કારણ કે તે ગ્રંથના વિષયવસ્તુ ઉત્તરાદયિત્વ ધરાવે છે. અહીં સંપાદકના નામે Added Entry (વધારાનો સંલેખ) બતાવવામાં આવશે.

**ઉદાહરણ - 3**

**Constitution of India**

(21st Edition)

By

**M.P.Jain**

Editor

**V.R. Manohar**

**Lexis Nexis**

Bombay

2013

**Other Information :**

| | |
|---|---|
| Class Number | : 341.954 |
| Acc No | : 33661 |
| Pages | : xiii + 640 |
| ISBN | : 978-81-80381-232 |

**મુખ્ય સંલેખ (Main Entry)**

| | | |
|---|---|---|
| 341.954<br>JAN | Jain, M.P. | |
| 33661 | ed. 21st ed. - Bombay : Lexis Nexis, 2013<br>V.R. ed. II Title | Constitution of India/M.P. Jain; V.R. Manohar<br>xiii, 640. P<br>ISBN 978-81-80381-232<br>1. Constitution - India I. Manohar |

**પૂરક સંલેખ - વિષય**

**(Added Entry - Subject)**

| | | |
|---|---|---|
| 341.954<br>JAN | Jain, M.P. | **Constitution India** |
| | ed.21st ed. - Bombay : | Constitution of India/M.P. Jain; V.R. Manohar<br>(Rest as in the main entry) |

**પૂરક સંલેખ - સંપાદક**

**(Added Entry - Editor)**

| | | |
|---|---|---|
| 341.954<br>JAN | | **Manohar, V.R. ed.**<br>Jain, M.P. |
| | | Constitution of India/M.P. Jain; V.R. Manohar ed.21st ed. - Bombay : Lexis Nexis, 2013<br><br>(Rest as in the main entry) |

**પૂરક સંલેખ - શીર્ષક**

**(Added Entry - Title)**

| | | |
|---|---|---|
| 341.954<br>JAN | | **Constitution Of India**<br>Jain, M.P. |
| | | Constitution of India/M.P. Jain; V.R. Manohar ed. 21st ed. - Bombay : Lexis Nexis, 2013<br><br>(Rest as in the main entry) |

અત્રે અગાઉના બે ઉદાહરણ કરતા બે સંલેખ તત્ત્વો વધુ છે

1. આવૃત્તિ (Edition) 2. સંપાદક (Editor)

ઘણી વખત એક જ પુસ્તકની એકથી વધુ વખત પ્રકાશન થતું હોય છે. જેનું

મુખ્ય કારણ પુસ્તકની અદ્યતનતા જાળવી રાખવાનો હોય છે. નવાં પરિમાણો, નવાં આવિષ્કારો તેમાં ઉમેરવામાં આવે છે. જેથી પુસ્તકની વિગતો અદ્યતન રહે છે. આ બાબતોને આવૃત્તિ અંતર્ગત આવરી લેવામાં આવે છે. અત્રે પુસ્તકની 21મી આવૃત્તિ છે. જ્યારે પુસ્તકના સંપાદક V.R. Manohar છે.

કોઈ વાચક સંપાદકના નામથી પુસ્તક મેળવવાની માંગને સંપાદકના નામનો પૂરક સંલેખ તેને સંતોષી શકે છે. આથી અત્રે સંપાદકના નામનો પૂરક સંલેખ બનાવવામાં આવ્યો છે.

પુસ્તકના કર્તા, સંપાદક બાદ તરત જ આવૃત્તિને મહત્ત્વ આપવામાં આવે છે.

આપણે થોડા વધુ અભ્યાસ માટે બીજાં બે ઉદાહરણો જોઈશું અને તેના સંલેખો બનાવીશું.

**ઉદાહરણ - 4**

**મુખ્યમંત્રીનું રાજીનામું**

**ભાનુમતી એચ. શાહ**

**પાર્શ્વ પ્રકાશન**

**અમદાવાદ**

**Other Information**

પૃષ્ઠ : 108

વર્ગાંક : 891-471 SHA

પરિગ્રહણ નંબર : 0040670

**મુખ્ય સંલેખ (Main Entry)**

| | | |
|---|---|---|
| **891.472**<br>**SHA** | **શાહ, ભાનુમતી એચ.** | |
| 0040670 | અમદાવાદ : પાર્શ્વ પ્રકાશન<br>(Title) | મુખ્યમંત્રીનું રાજીનામું / ભાનુમતી એચ. શાહ<br>108 પૃ.<br>1. ગુજરાતી સાહિત્ય 2. ગુજરાતી નાટક I શીર્ષક |

**પૂરક સંલેખ - વિષય (1)**

**(Added Entry -Subject)**

| | | |
|---|---|---|
| 891.472<br>SHA | શાહ, ભાનુમતી એચ. | **ગુજરાતી સાહિત્ય** |
| | અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન | મુખ્યમંત્રીનું રાજીનામું / ભાનુમતી એચ. શાહ.<br>(Rest as in the main entry) |

**પૂરક સંલેખ - વિષય (2)**

**(Added Entry - Subject)**

| | | |
|---|---|---|
| 891.472<br>SHA | શાહ, ભાનુમતી એચ. | **ગુજરાતી નાટક** |
| | અમદાવાદઃ પાર્શ્વ પબ્લિકેશન | મુખ્યમંત્રીનું રાજીનામું / ભાનુમતી એચ. શાહ<br><br>(Rest as in the main entry) |

**પૂરક સંલેખ - શીર્ષક**

**(Added Entry)**

| | | |
|---|---|---|
| 891.472<br>SHA | શાહ, ભાનુમતી એચ. | **મુખ્યમંત્રીનું રાજીનામું** |
| | | મુખ્યમંત્રીનું રાજીનામું / ભાનુમતી એચ. શાહ<br><br>(Rest as in the main entry) |

અહી ત્રણ પૂરક સંલેખ બને છે. બે વિષયને લઈને પૂરક સંલેખ (Added Entry) બનાવ્યા છે. જ્યારે એક શીર્ષક સંલેખ છે. અન્ય ઉદાહરણોની જેમ જ પૂરક સંલેખોમાં મુખ્ય સંલેખોની વિગતોનું પુનરાવર્તન ન કરતાં બાકીની વિગતો માટે (Rest as in the Main Entry) લખવામાં આવ્યું છે.

પરંતુ અત્રે પૂરક સંલેખ - વિષય (1)માં પૃષ્ઠ સંખ્યા દર્શાવ્યા બાદ (Rest as in the Main Entry) લેવામાં આવેલ છે. પૂરક સંલેખ - વિષય (2)માં પૃષ્ઠ સંખ્યાની વિગતો ન દર્શાવતા પ્રથમ વિભાગની વિગતો બાદ તરત જ Rest as in the Main Entry) દર્શાવવામાં આવ્યું છે. જ્યારે પૂરક સંલેખ - શીર્ષકમાં મુખ્યમંત્રીનું રાજીનામું / ભાનુમતી એચ. શાહ લખ્યા બાદ અર્થાત્ શીર્ષક/લેખક લખ્યા બાદ (Rest as in the Main Entry) લખવામાં આવ્યું છે.

આમ, (Rest as in the Main Entry) માટે કોઈ ચોક્કસ નિયમો નથી. પૂરક સંલેખોમાં જેટલી વિગતોનું પુનરાવર્તન કરવાની ઈચ્છા ન ધરાવતા કોઈએ તેની અવેજીમાં (Rest as in the Main Entry) શબ્દપ્રયોગ કરી શકે છે.

ઉદાહરણ - 5ના પૂરક સંલેખો છે.

**ઉદાહરણ : 5**

**Principles of Modern Electrochemistry**

**by**

**Anthony David**

**Editor**

**Marcony Denn**

**Plenum Publication**

**New York**

**2007**

**Other Information :**

Class Number : 541.37

Book Number : DAV

Acc. No : 92435

Pages : xxvi, 361

Size : 22.7 cm.

### મુખ્ય સંલેખ

### (Main Entry)

| | | |
|---|---|---|
| **541.37**<br>DAV | David, | Anthony |
| 92435 | | Principle of Modern Electrochemistry / by Anthony David; Marcony Denn ed..... New york: Plenum Publication, 2007<br><br>xxvi, 361 p.; 22.7 cm<br><br>1. Electrochemistry. I. Denn, Marcony d. II Title |

### પૂરક સંલેખ - વિષય

### (Added Entry - Subject)

| | | |
|---|---|---|
| 541.37<br>DAV | | **Electrochemistry**<br><br>David, Anthony |
| | | Principle of Modern Electrochemistry / by Anthony David; Marcony Denn ed..... New york: Plenum Publication, 2007<br><br>(Rest as in the main entry) |

### પૂરક સંલેખ - સંપાદક

### (Added Entry - Editor)

| | | |
|---|---|---|
| 541.37<br>DAV | | **Denn, Marcony ed.**<br><br>David, Anthony |
| | | Principle of Modern Electrochemistry / by Anthony David; Marcony Denn ed..... New york: Plenum Publication, 2007<br><br>(Rest as in the main entry) |

## પૂરક સંલેખ - શીર્ષક

## (Added Entry - Title)

| | | |
|---|---|---|
| | | **Principles of Modern Electrochemistry** |
| 541.37<br>DAV | David, | Anthony |
| | | Principles of Moden Electrochemistry / by Anthony David; Marcony Denn ed..... New york: Plenum Publication, 2007<br><br>(Rest as in the main entry) |

### તમારી પ્રગતિ ચકાસો

**નોંધ :- (1) નીચે આપેલી જગ્યામાં તમારા ઉત્તરો લખો.**

**(2) એકમના અંતે આપેલા ઉત્તરો સાથે તમારા ઉમેરો સરખાવો.**

2. નીચે દર્શાવેલ લેખકો માટે સંલેખ તત્વ ઓળખી બતાવો.

(a) Dr. Bharat yagnik

(b) James Horne

(c) Allen Kent

(d) HenryLa Fountain

(e) Paul Oflet

(f) Prof. K.B. Vyas

(g) Babita Ayyar

3. નીચે દર્શાવેલ તત્વોને તમે સંલેખમાં કેવી રીતે નોંધશો ?

(a) પુસ્તકનું માપ 26 સેમી છે.

(b) પુસ્તકના આકારની પહોળાઈ 30 સેમી અને ઉંચાઈ 22 સેમી છે.

(c) ત્રણ ખંડોના સંપુટમાં પ્રત્યેક અંકની સાઈઝ અનુક્રમે 22 સેમી; 25 સેમી અને 26 સેમી છે.

(d) દ્વિતીય સંશોધિત આવૃત્તિ

(e) પ્રકાશન વર્ષ આપવામાં આવેલ નથી પરંતુ કૃતિ અધિકાર (Copy Right) વર્ષ 2001 છે.

(f) પ્રથમ આવૃત્તિ 2015 અને દ્વિતીય આવૃત્તિ 2019માં પ્રકાશિત થઈ છે. પ્રથમ આવૃત્તિ અને દ્વિતીય આવૃત્તિના પ્રકાશન વર્ષને કેવી રીતે નોંધશો ?

- પુસ્તકમાં આપવામાં આવેલ ISBN નીચે મુજબ છે :

  ISBN : 978-93-5108-699-4 (Hard bound)
  (પાકું પૂઠું)

  ISBN : 978-81-7790-882-4 (Paper bound)
  (કાચું પૂઠું)

(h) જેણે એક ગુજરાતી નવલકથાનો અનુવાદ કર્યો છે, તે અનુવાદક માટે તમે પૂરક સંલેખ (Added Entry) બનાવશો ? આ નવલકથાનો અનુવાદ કેટલાક અન્ય અનુવાદકો દ્વારા પણ કરવામાં આવ્યો છે.

(i) જો ત્રણ અલગ અલગ સ્તરના ગૌણકર્તા હોય તો, પ્રત્યેક ગૌણકર્તા માટે મહત્ત્વની જવાબદારીના કથન વિભાગમાં કયા વિરામ ચિહ્નનો પ્રયોગ કરવામાં આવશે ?

(j) જો કર્તા ઉપરાંત સંપાદક પણ આપવામાં આવ્યા હોય તો તેને આપ કેવી રીતે દર્શાવશો.

(k) જો પ્રકાશન સ્થળનું નામ અપ્રસિદ્ધ હોય તો સંલેખમાં તેની ઓળખાણ કેવી રીતે કરાવવી જોઈએ ?

## 2.4 સારાંશ (Summary)

આ એકમમાં આપણે વ્યક્તિકર્તા સંબંધી દર્શાવેલ પ્રલેખો માટે સંલેખો તૈયાર કરવાની ચર્ચા કરવામાં આવી છે. જેમાં ભારતીય નામો અને પાશ્ચાત્યન નામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય નામોમાં ઉત્તર ભારતીય લેખકો અને દક્ષિણ ભારતીય લેખકોના સંલેખ તત્વની ચર્ચા કરવામાં આવી છે.

વિભિન્ન વિભાગો જેમ કે કર્તૃત્વની જવાબદારીનું કથન, ભૌતિક વર્ણન, ISBN (આંતરરાષ્ટ્રીય માનક પુસ્તક અંક) અને નોંધ વિભાગની ચર્ચાનો સમાવેશ કરવામાં આવેલ છે. આલેખ વિભાગ દર્શાવે છે કે કયા કયા પૂરક સંલેખો (Added Entries) કરવાની થાય છે.

## 2.5 'તમારી પ્રગતિ ચકાસો'ના ઉત્તરો (Answer to self check exercises)

(1) ઉત્તર ભારતીય લેખકોના સંલેખ તત્વ અટકથી તૈયાર કરવામાં આવે છે.

ઉદાહરણ તરીકે વશિષ્ઠ શર્મા નામ છે તો શર્મા, વશિષ્ટથી સંલેખ બનાવવામાં આવશે.

(2) (a) Yagnik Bharat

(b) Horne James

(c) Kentm, Allen

(d) Fountain, Henry La

(e) Oflet, Paul

(f) Vyas, K.B.

(g) Ayyar, Babita

(a) 26 cm (b) 30 x 22 cm (c) 26 cm (d) 2nd Rev.ed. (e) C 2001 (f) 2nd. ed. 2019 (g) આપણે જે પુસ્તકનું સૂચિકરણ કરી રહ્યા છીએ તે પુસ્તક સંબંધી ISBN આપવામાં આવશે. જો પુસ્તકાલય પાસે કેવળ કાચા પૂંઠાનું પુસ્તક (Paper Bound) હોય તો, કેવળ કાચા પૂંઠાની આવૃત્તિનો ISBN નોંધવો. (h) હા, (i) પ્રત્યેક ગૌણકર્તાની વચ્ચે અર્થવિરામ; (j) કર્તાના નામ બાદ અર્થવિરામનું ચિહ્ન કરીને (k) સ્થળના નામની સાથે રાજ્ય અથવા દેશનું નામ ઉમેરવું.

## 2.6 ચાવીરૂપ શબ્દો (Key words)

**આલેખ (Tracing)** : કૃતિ માટે બતાવવામાં આવેલા અન્ય સંલેખોની માહિતી આપતો આલેખ.

અંકો દ્વારા દર્શાવવામાં આવેલ મથાળાં છે કે જેના હેઠળ સૂચિમાં કૃતિનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે.

**આંતરરાષ્ટ્રીય માનક પુસ્તક: અંક (ISBN-Internationl Standard Book Number)** આ માનક અંક પ્રકાશિત પ્રલેખની ઓળખ માટે આપવામાં આવે છે.

**ગૌણકર્તા (Collaborator)** : કોઈ કૃતિની રચનામાં કોઈ એક અથવા એકથી વધુ વ્યક્તિઓ સાથે જોડાઈને કાર્ય કરે છે તે વ્યક્તિ.

| | | |
|---|---|---|
| **તખલ્લુસ/ઉપનામ (Pseudonym)** | : | પોતાની ઓળખ છુપાવવા માટે કર્તા દ્વારા ધારણ કરવામાં આવેલ છદનનામ. |
| **તત્વ (Element)** | : | વાઙ્મય સૂચિગત માહિતીના એકમને દર્શાવતો શબ્દ, વાક્યાંશ અથવા અક્ષરોનો સમૂહ કે વર્ણનાત્મક ક્ષેત્રનો ભાગ બને છે. |
| **વાર્ષિક (Heading)** | : | સૂચિનું શોધ તત્વ પૂરું પાડે તે સૂચિ સંલેખના મથાળે મૂકવામાં આવેલ હોઈ શબ્દ, વાક્યાંશ અથવા અક્ષરોનો સમૂહ. |
| **સ્વરૂપ (Format)** | : | કોઈ વસ્તુનું બાહ્ય અથવા ભૌતિક સ્વરૂપ. |

## 2.7 સંદર્ભો અને વિશેષ વાંચન (Reference and Further Reading)


- Anglo - American Cataloguing Rules 2nd. rev.ed. 1988, Amendments 1993.
- Classified catalogue code by Dr. S.R. Ranganathan ભારતીય નામો ઉપરનું પ્રકરણ.
- The Cencise AACR 2 by Mecheal Gorman. 4th ed. Chicago : American Library Association, 2004.
- AACR 2R (સૂચિકરણ પ્રાયોગિક) / કિરીટ ભાવસાર... અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન


★